‘નીટ’ પેપરલીક કાંડમાં ભાજપ-જેડીયુ નેતાના નામ ફૂટ્યાઃ ભ્રષ્ટ નાણા ચૂંટણીમાં ઠલવાયા

નવી દિલ્હી તા.૨૬

મેડિકલ કોલેજોમાં એડમિશન માટેની NEETનાં પેપર એક-બે નહીં પણ પાંચ રાજ્યોમાં ફૂટયાં હોવાનું અત્યાર સુધીની તપાસમાં બહાર આવતાં પહેલા લેવાયેલી પરીક્ષા રદ કરીને આખી પરીક્ષા નવેસરથી લેવાની માગ બુલંદ બની છે. આ પેપર લીકમાં બિહાર ભાજપ અને જેડીયુના નેતાઓના ખાસ માણસોનાં નામ એક પછી એક ખૂલી રહ્યાં છે. આ કારણે શિક્ષણ મંત્રાલય પેપર લીક કૌભાંડીઓને છાવરી રહ્યું હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. પેપર ફોડીને કરાયેલા ભ્રષ્ટાચારનાં નાણાં લોકસભાની ચૂંટણીમાં વપરાયાં હોવાનાં પણ આક્ષેપ થયો છે.

નીટ પેપર લીક કૌભાંડનો સૂત્રધાર સંજીવ મુખિયાનો પુત્ર શિવ ડોક્ટર છે જ્યારે અન્ય આરોપી સિકંદર યાદવની દીકરી અને જમાઈ પણ ડોક્ટર છે. આ બંને કૌભાંડ દ્વારા એડમિશન મેળવીને તો ડોક્ટર નથી બન્યાં ને એ સવાલ ઉઠયો છે. ડો. શિવ આ કેસમાં સંડોવાયેલો હોવા છતાં તેને બારોબાર જામીન મળી જતાં નીતિશ કુમાર અને

આરોપીઓ પક્ષના હોદ્દેદારઃ મુખ્યમંત્રી સાથેના ફોટા વાયરલઃ જવાબદારોને છાવરવાનો આરોપ

ચિરાગ પાસવાન બંને શંકાના દાયરામાં છે. નીટ પેપર લીક કાંડનો બીજો સૂત્રધાર અમિત આનંદ બિહાર ભાજપના દિગ્ગજ નેતા ડો. સંજય જયસ્વાલનો કાર્યાલય મંત્રી છે. તેની પણ નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી સાથેની તસવીરો વાયરલ થઈ છે.

સંજીવ મુખિયાની પત્નિ મમતાની બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર સાથેની તસવીરો વાયરલ થઈ છે. મમતા ૨૦૨૦માં ચિરાગ પાસવાનનની લોક જનશક્તિ પાર્ટીનાં ઉમેદવાર તરીકે ચૂંટણી પણ લડયાં હતાં. સંજીવ મુખિયા અને મમતા ચિરાગ પાસવાનના ઘરે ગયેલાં તેની તસવીર પણ વાયરલ થઈ છે. સંજીવ મુખિયાએ બિહારમાં શિક્ષક ભરતીની પરીક્ષાનું પેપર લીક કર્યું હોવાનું કહેવાય છે.

નીટ પહેલાં મેડિકલ કોર્સીસમાં પ્રવેશ માટે ઓલ ઈન્ડિયા પ્રી-મેડિકલ ટેસ્ટ લેવાતી હતી. એ વખતે સીબીએસઈ તેનું આયોજન કરતી હતી. નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા પછી તેમના કાર્યકાળના પહેલા જ વરસમાં આ પેપર ફૂટી ગયું હતું.

આસામની ગુવાહાટીમાં આવેલા શક્તિપીઠ કામાખ્યા મંદિર ખાતે યોજાઈ રહેલા સૌથી મોટા વાર્ષિક અમ્બુબાચી મેળાને લઈને નિકળેલી ધાર્મિક શોભાયાત્રામાં મોટી સંખ્યામાં સાધુઓ ભાગ લઈ રહ્યા છે.

હેલ્થ સેન્ટરના આરોગ્ય મંદિર નામકરણ સામે મિઝોરમ અને નાગાલેન્ડનો વિરોધ

આઈઝોલ (મિઝોરમ) તા.૨૬

સ્થાનિકોની શ્રદ્ધાને ધ્યાનમાં રાખીને મિઝોરમ અને નાગાલેન્ડની સરકારે કેન્દ્રને લખીને જણાવ્યું છે કે આરોગ્ય કેન્દ્રોનું મંદિર તરીકે નામકરણ ન કરો. કેન્દ્રે આયુષ્યમાન ભારત અને આરોગ્ય કેન્દ્રોનું આયુષ્યમાન આરોગ્ય મંદિર તરીકે નામકરણ કરતા ઉતર-પુર્વી રાજ્યો મિઝોરમ અને નાગાલેન્ડમાં વિરોધ ઉભો થયો છે.

આ રાજ્યોમાં બહુમતી વસ્તી ક્રિશ્ચયનોની હોઈ તેમની લાગણીને ધ્યાનમાં રાખી આ રાજ્યોને આરોગ્ય કેન્દ્રના નવા નામથી બાકાત રાખવા કેન્દ્રને રજુઆત

ચર્ચ અને સ્થાનિક સમાજની લાગણીઓને ધ્યાનમાં રાખીને આ બે રાજ્યોને આરોગ્ય કેન્દ્રના નવા નામકરણથી અપવાદ રાખવા જણાવ્યું છે અને અગાઉના આરોગ્ય કેન્દ્ર નામ યથાવત રહેશે.

ગત વર્ષે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે દેશના પ્રાથમીક આરોગ્ય કેન્દ્રના નામ આયુષ્યમાન આરોગ્ય મંદિર તરીકે ઓળખાશે તેવી જાહેરાત કરી હતી અને ટેગલાઈન આપી હતી- આરોગ્યમ પરમય ધનમ.

શેરબજારના નિષ્ણાંત સંજીવ ભસીન ‘કૃત્રિમ તેજી’ કરાવવામાં સામેલ? સેબીએ તપાસ શરૂ કરી

મુંબઈ, તા.૨૬

શેરબજારમાં રેકોર્ડ બ્રેક તેજી વચ્ચે ઈન્વેસ્ટરોના હિત જાળવવા માટે માર્કેટ રેગ્યુલેટર સેબી શ્રેણીબધ્ધ પગલા લઈ જ રહી છે. આઈઆઈએફએલ સિક્યુરીટીઝ સાથે જોડાયેલા માર્કેટ નિષ્ણાંત સંજીવ ભસીનની કથિત ‘ગરબડ’ વિશે સેબીએ તપાસ શરૂ કરતા બજારમાં તીવ્ર પ્રત્યાઘાતો સાથે અનેકવિધ ચર્ચા થવા લાગી છે.

માહિતગાર સૂત્રોએ કહ્યું કે તપાસના ભાગરૂપે સેબી અધિકારીઓએ સંજીવ ભસીનના ડીજીટલ ઉપકરણોની ચકાસણી કરીને પુરાવા એકત્રિત કર્યા હતા. આ મામલે આઈઆઈએફએલ દ્વારા એવી ચોખવટ કરવામાં આવી હતી કે તેઓ ડાયરેક્ટર તરીકે બોર્ડમાં નથી અને કંપની સાથેનો તેમનો કોન્ટ્રાક્ટ નિયત કરતા વહેલો પૂર્ણ કરી દેવામાં આવ્યો હતો. તેઓનો કોન્ટ્રાક્ટ ૩૦ જુને પૂર્ણ થતો હતો

ડીજીટલ ઉપકરણોની તપાસઃ મહત્વના પૂરાવા મળ્યાનો નિર્દેશ

પરંતુ આરોગ્યના કારણોસર ૧૭ જુને જ કાર્યકાળ પૂરો કરી દેવાયો હતો. તેઓએ સેબીની તપાસ વિશે કંપનીનું ધ્યાન દોર્યું હતું. પરંતુ કોઈ વિગતો આપી નહતી.

શેરબજાર માટે સંજીવ ભસીન જાણીતું નામ છે અને માર્કેટના સેન્ટીમેન્ટ તથા શેરો-કંપનીઓ વિશે જાણકારી આપતા હોય છે.

સેબીની પ્રાથમિક તપાસમાં એવું ખુલ્યું છે કે સંજીવ ભસીન પ્રથમ ખાનગી કંપનીને ચોક્કસ શેર ખરીદવા સુચવતા હતા અને ત્યારબાદ ટેલીવીઝનની ચર્ચા દરમ્યાન તેની ટીપ્સ જાહેર કરતા હતા.

તેઓની ટીપના આધારે રીટેઈલ ઈન્વેસ્ટરોની ખરીદી શરૂ થતાં ભાવ ઉંચકાવા લાગ્યા હતા અને અગાઉ નીચા ભાવે ખરીદી કરનારી ખાનગી કંપની તે વેચીને તગડો નફો મેળવી લેતી હતી. સંજીવ ભસીન તથા ખાનગી કંપનીના કનેકશન વિશે પણ તપાસ કરવામાં આવી રહી છે.

નાણામંત્રી સાથે પ્રી-બજેટ બેઠક યોજતા વિવિધ ઉદ્યોગોના પ્રતિનિધિઓઃ અનેક સજેશનો

નવીદિલ્હી,તા.૨૬

સરકારે મૂડી ખર્ચ વધારવો જોઈએ, નિકાસકારો માટે વ્યાજની સમાનતા યોજના ચાલુ રાખવી જોઈએ, સ્કીલ ટ્રેનીંગ ફી પર કર મુક્તિ આપવી જોઈએ અને ઘરેલું કામદારોના સામાજિક લાભો માટે વ્યવસ્થા કરવી જોઈએ. આ કેટલાક મહત્વપૂર્ણ સૂચનો હતા, જે મંગળવારે નાણામંત્રી નિર્મલા સીતારમણને મળ્યા હતા. નાણામંત્રી વિવિધ ઉદ્યોગોના પ્રતિનિધિઓ અને રોજગાર અને કૌશલ્ય ક્ષેત્રના નિષ્ણાતો સાથે પ્રી-બજેટ બેઠક યોજી રહ્યા હતા.

નિકાસકારોની સંસ્થાના પ્રમુખ અશ્વની કુમારે ગઇઝ ને જણાવ્યું, ’અમે ભારતમાં વૈશ્વિક કક્ષાની ભારતીય શિપિંગ લાઇન વિકસાવવાની વિનંતી સાથે વ્યાજની સમાનતા યોજનાનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. તે ૩૦ જૂને સમાપ્ત થાય છે. તેને ૫ વર્ષ સુધી લંબાવવાની સાથે, MSMES માટે સબવેન્શન રેટ ફરીથી ઘટાડીને ૫% અને ૪૧૦ અન્ય ટેરિફ લાઇનના કિસ્સામાં ૩% કરવા જોઈએ.

GJEPCના ચેરમેન વિપુલ શાહે જણાવ્યું હતું કે, ’અમે રફ હીરા પરની ઈકવલાઈજેશન સમાનીકરણ વસૂલાત નાબૂદ કરવા અને પ્લેટિનમ જ્વેલરીની નિકાસ પર ડ્યૂટી ડ્રોબેક દાખલ કરવા વિનંતી કરી હતી.’ જ્યારે, ભારતીય સ્ટાફિંગ ફેડરેશન એ ક્રિઝકયુટિવ ડાયરેક્ટર સુચિતા દત્તાએને કહ્યું, ’અમે સૂચવ્યું છે કે જો લોકો તેમના ઘરેલુ કામદારોના નામે EPFOમાં યોગદાન આપે છે, તો તેમને તે રકમ પર ટેક્સ છૂટ આપવી જોઈએ.માઈગ્રેંટ વર્કસને સ્કીલ શીખવીને કામ કરવા સક્ષમ બનાવવા માટે સ્ટાફિંગ ઉદ્યોગે ઘણો ખર્ચ કરવો પડે છે. જો સરકાર તરફથી આર્થિક મદદ મળશે તો ઉદ્યોગ અને કામદારો બંનેને ફાયદો થશે.લીવરનેટના સીઈઓ ડો.ગાયત્રી વાસુદેવને જણાવ્યું હતું કે, ’આઈટીઆઈને અપગ્રેડ કરવાની માંગ સાથે અમે એમ પણ કહ્યું હતું કે નેશનલ એજ્યુકેશન પોલિસી હેઠળ માતા-પિતા માટે સ્કીલ શીખવા પર થતા ખર્ચ પર કર મુક્તિની જોગવાઈ હોવી જોઈએ.’

હવે તેમને મળશે ૪૦ હજાર રૂપિયાનું પેન્શન

સ્વાતંત્ર્ય સેનાનીઓ અને તેમના આશ્રિતોને હરિયાણા સરકારની ભેટ

નવી દિલ્હી, તા.૨૬

મુખ્યમંત્રીએ તેમના સત્તાવાર વિલ પર એક વીડિયો પોસ્ટ કર્યો છે.હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહ સૈનીએ મંગળવારે સ્વતંત્રતા સેનાનીઓ અને તેમના આશ્રિતો માટે નવી પેન્શન રકમની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે ૧ જુલાઈથી સ્વાતંત્ર્ય સેનાનીઓને ૪૦,૦૦૦ રૂપિયાનું વધારાનું પેન્શન મળશે. મુખ્યમંત્રીએ તેમના સત્તાવાર વિલ પર એક વીડિયો પોસ્ટ કર્યો છે.સૈનીએ કટોકટી દરમિયાન લડવૈયાઓનું પેન્શન પણ વધાર્યુ અને કહ્યું, “ઇમરજન્સી દરમિયાન લડવૈયાઓ, જેમણે બંધારણનું રક્ષણ કર્યું, જેઓ આ દેશની લોકશાહીની રક્ષા માટે જેલમાં ગયા, અમારી સરકારે તેમને ૧૦,૦૦૦ રૂપિયા પેન્શન આપવાનું શરૂ કર્યું. અને આજે , હું જાહેરાત કરું છું કે હવે ૧ જુલાઈથી પેન્શન રૂ. ૨૦,૦૦૦ થશે.”નોંધનીય છે કે હરિયાણા સરકાર દ્વારા ૧૬ એપ્રિલ, ૨૦૧૮ ના રોજ હરિયાણા શુભ્ર

ભૂતપૂર્વ વડા પ્રધાન ઈન્દિરા ગાંધીએ ૨૫ જૂન, ૧૯૭૫ના રોજ દેશમાં ઈમરજન્સી લાદીને લોકશાહીનું ગળું દબાવવાનો પ્રયાસ કર્યો હતો

જ્યોત્સ્ના પેન્શન યોજના શરૂ કરવામાં આવી હતી, જેનો ઉદ્દેશ્ય ૨૫ જૂન, ૧૯૭૫ થી ૨૧ માર્ચ, ૧૯૭૭ સુધીની કટોકટી દરમિયાન સક્રિયપણે ભાગ લેનારાઓને નાણાકીય સહાય પૂરી પાડવાના હેતુ સાથે અને આંતરિક સુરક્ષા અધિનિયમ, ૧૯૭૧ના અધિનિયમ અને/અથવા ડિફેન્સ ઑફ ઈન્ડિયા એક્ટ, ૧૯૬૨ હેઠળ જેલની સજાનો સામનો કરી રહેલા હરિયાણાના રહેવાસીઓને ૧૦,૦૦૦ રૂપિયાનું માસિક પેન્શન પ્રદાન કરવાનું હતું.હરિયાણાના મુખ્યમંત્રીએ વધુમાં કહ્યું, “હિન્દી ભાષાને બચાવવા માટે સંઘર્ષ કરનારા લોકોને (હિન્દી આંદોલનકારીઓ) ૧ જુલાઈથી પેન્શન તરીકે ૨૦,૦૦૦ રૂપિયા પણ મળશે.”

દરમિયાન, ઈમરજન્સીના ૪૯ વર્ષ પૂર્ણ થવા પર સૈનીએ કહ્યું, “ઇમરજન્સી દેશ માટે કાળો અધ્યાય હતો. ભૂતપૂર્વ વડા પ્રધાન ઈન્દિરા ગાંધીએ ૨૫ જૂન, ૧૯૭૫ના રોજ દેશમાં ઈમરજન્સી લાદીને લોકશાહીનું ગળું દબાવવાનો પ્રયાસ કર્યો હતો.

ભારતમાં ‘મેટા એઆઈ’ની શરૂઆતઃ ફેસબુક પરથી ઉપયોગ કરવા તક

નવી દિલ્હી તા.૨૬

મેટાએ પોતાના એઆઈ ટુલ ‘મેટા આઈ’ને ભારતમાં લોન્ચ કરી દીધુ છે. અમુક યુઝર્સને ફેસબુકના મેસેન્જર અને વોટસએપ પર સપોર્ટ મળવાનું શરૂ થયું છે. તબકકાવાર તે તમામ યુઝર્સ માટે ઉપલબ્ધ બનશે.

પર્યટન, અનુવાદ, ઈમેજ, રેસ્ટોરન્ટ સહિતની માહિતી આપશે

વોટસએપ અને ઈન્સ્ટાગ્રામ પર પણ સપોર્ટ મળવા લાગશે. ઉપરાંત મેટા એઆઈ પર તેનો ઉપયોગ થઈ શકશે. તેને લામા-૩ સાથે બનાવવામાં આવ્યું છે. જે સૌથી એડવાન્સ ભાષા મોડેલ છે. મેટા એઆઈ પણ ઓપનર આઈના ચેટબોટ જીટીપીની જેમ કામ કરે છે. જેમાં તમામ પ્રકારના સવાલ પુછી શકાય છે. તમે એઆઈ ઈમેજ બનાવી શકો છો. ગણીતના સવાલોનો જવાબ, ટુર પ્રોગ્રામ, રિયલ ટાઈમ ઈન્ફોરમેશન, ઓછા ભીડભાડ વાળુ ટુરીસ્ટ પોઈન્ટ લોકોને જાણવા મળશે.

પુણે પોર્શ કાર દુર્ઘટના પર બોમ્બે હાઈકોર્ટનો નિર્ણય

પુણે પોર્શ કાર દુર્ઘટના મામલે સગીર આરોપીને મળ્યા જામીન

પુણે , તા.૨૬

પુણે પોર્શ કાર અકસ્માત કેસમાં બોમ્બે હાઈકોર્ટે સગીર આરોપીને સુધાર ગૃહમાંથી મુક્ત કરવાનો આદેશ આપ્યો છે. બોમ્બે હાઈકોર્ટે સગીર આરોપીને જામીન આપ્યા છે. પુણેમાં એક સગીરે નશાની હાલતમાં પોર્શ કાર ચલાવી રહ્યો હતો. જેના પરિણામે ૧૯ મેના રોજ બે આઈટી પ્રોફેશનલ્સના મોત થયા હતા. આ કેસે સૌનું ધ્યાન ખેંચ્યું, ખાસ કરીને જ્યારે જુવેનાઈલ

પુણે પોર્શ કાર અકસ્માત કેસમાં બોમ્બે હાઈકોર્ટે સગીર આરોપીને સુધાર ગૃહમાંથી મુક્ત કરવાનો આદેશ આપ્યો

જસ્ટિસ બોર્ડના સભ્ય એલ. એન. દાનવડેએ સગીરને માર્ગ સલામતી પર ૩૦૦ શબ્દોનો નિબંધ લખવા સહિતની કેટલીક હળવી શરતો સાથે જામીન આપ્યા હતા.

કોર્ટે સગીરને તેની માસીની સંભાળ અને કસ્ટડીમાંથી છોડી દેવાનો આદેશ આપ્યો હતો. કોર્ટે એ પણ નિર્દેશ આપ્યો છે કે સગીરનું મનોવિજ્ઞાની સાથે સત્ર ચાલુ રાખવું જોઈએ. સગીરને ગૃહમાં ગેરકાયદેસર રીતે રાખવામાં આવી રહ્યો હોવાના આક્ષેપ સાથે સગીરની કાકીએ હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા હતા.

થોડા દિવસો પહેલા જસ્ટિસ ભારતી ડાંગરે અને મંજુષા દેશપાંડેએ કહ્યું હતું કે સગીરને જામીન આપ્યા બાદ તેને ઓબ્ઝર્વેશન હોમમાં મોકલવાથી જામીનનો હેતુ નષ્ટ થઈ જાય છે. કોર્ટે કહ્યું, "બે લોકોએ જીવ ગુમાવ્યા છે. આઘાત તો હતો જ, પરંતુ બાળક (કિશોર) પણ આઘાતમાં હતો."કિશોરના માતા-પિતા અને હોસ્પિટલ સ્ટાફ ઉપરાંત પોલીસે થોડા દિવસ પહેલા બનેલી ઘટનાના સંબંધમાં કિશોરના દાદાની અટકાયત કરી છે.

નવી લોકસભાઃએક-બે સીટ જીતનાર નાના નાના દળોનો દબદબો વધ્યો

નવી દિલ્હી તા.૨૬

લોકસભામાં આ વખતે રાષ્ટ્રીય અને ક્ષેત્રીય દળોનો દબદબો વધ્યો છે. જોકે તેની સાથે સાથે નાના દળોનું પણ પ્રતિનિધિત્વ પણ વધ્યું છે. આંકડા પર નજર નાખીએ તો છેલ્લી કેટલીક ચૂંટણીઓ દરમ્યાન આવા દળોનું પ્રતિનિધિત્વ લોકસભામાં વધી રહ્યું છે. જેમની પાસે એક કે બે સીટ હોય છે.

કયારેક કયારેક તો ખરાબ પર્ફોમન્સને લઈને તેમાં કોઈ રાષ્ટ્રીય કે ક્ષેત્રીય દળ પણ જોડાઈ જાય છે.

આંકડા અનુસાર આ વખતે ૨૩ એવી પાર્ટીઓ જીતીને આવી છે જેમની પાસે એક કે બે સીટો છે. આમાંથી ૧૬ પાર્ટીઓ એક એક સીટ વાળી છે જ્યારે સાત પાર્ટીઓ બે સીટ વાળી છે.

આ ૨૩ નાના દળોની કુલ તાકાત ૩૦ સીટોની છે આ દળો બન્ને જુથ એનડીએ અને ઈન્ડીયા સાથે જોડાયેલા છે.તેમની લોકસભામાં કુલ ભાગીદારી ૫.૪૭ ટકા છે આ તાકાત લગભગ ચોથા નંબરની પાર્ટી તૃણમુલ કોંગ્રેસની બરાબર છે આંકડા અનુસાર ત્રણથી પાંચ સીટોવાળી ૭ દળ છે.જેમાંથી ત્રણથી ચાર સીટવાળા ત્રણ-ત્રણ અને પાંચ સીટવાળા એક દળ છે.

સોશિયલ મીડિયા રીલ બનાવતી ૨ ગેંગ વચ્ચેના વિવાદ બાદ યુવકની હત્યા

પુણે, તા.૨૬

બોમ્બે હાઈકોર્ટે પુણેના ૨૧ વર્ષીય વિદ્યાર્થીને જામીન આપ્યા છે, જેના પર યુવકની હત્યાનો આરોપ હતો. આરોપી વિદ્યાર્થી એક ગેંગનો સભ્ય છે. તેણે સોશિયલ મીડિયા રીલ માટે હરીફ ગેંગના અન્ય સભ્યની હત્યા કરી હતી. ૨૦૨૨ માં, પિંપરી ચિંચવાડ, પુણેમાં ખતરનાક શસ્ત્રો, પ્રતિસ્પર્ધીઓને ધમકી આપતા સ્ટેટસ સંદેશાઓ અને ઑનલાઈન પોસ્ટ્સ દ્વારા આ વિસ્તારમાં પ્રભુત્વ ધરાવતા ગેંગસ્ટર્સના વલણમાં અચાનક વધારો થયો હતો.ત્યારબાદ, ૧૯ વર્ષના યુવકની હત્યા અને ૧૫ વર્ષના છોકરાની હત્યાના પ્રયાસ પછી, પિંપરી ચિંચવડ પોલીસે આ ગેંગ પર કડક કાર્યવાહી શરૂ કરી.

જાહેર નોટિસ

અમો ધી સ્વસ્તિક કો. ઓપ.હા.સોસા.લિ. ના ચેરમેનશ્રી/સેક્રેટરી શ્રી આ જાહેર નોટિસથી જાહેર જનતાને જણાવીએ છી એ કે જત ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૩ (મેમનગર)ના તાલુકા સાબરમતી મોજે શેખપુર, ખાનપુર ચાને નવરંગપુરની સીમમા ટી.પી. સ્કીમ નં. ૩ નાં ફાયનલ પ્લોટ નંબર ૨૬૨ માં આવેલ સબ પ્લોટ નં. ૪/૨ અંગેના સભાસદ શ્રી અનિલભાઈ સી. દેસાઈ તથા શ્રી માલિની અનિલભાઈ દેસાઈ તથા શ્રી મંજુલાબેન સી. દેસાઈ તથા શ્રી અનિલભાઈ સી. દેસાઈ HUF તથા શ્રી ચંદ્રકાન્તભાઈ સી. દેસાઈ છે. આ સોસાયટી તરફથી ઈદ્ધયુ કરવામાં આવેલ શેર નં ૧૦ શેર નંબર ૧૪૫૧ થી ૧૪૬૦ શેર સર્ટીફીકેટ નં. - તથા શેર નંગ. ૫ શેર નંબર ૨૩૪૬ થી ૨૩૫૦ શેર સર્ટીફીકેટ નં. A.160 વાળા માટે ઈદ્ધયુ કરેલ શેર સર્ટીફીકેટ તેમનાંથી ગુમ થયેલ છે. અગરનો મુકાવ ગયેલ છે તેમ જણાવી સોસાયટી પાસેથી તેઓએ ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટની માંગણી કરેલ છે.

સદર શેર સર્ટીફીકેટ ઉપર કોઈપણ વ્યક્તિ કે નાંણાકીય સંસ્થા વિગેરેએ ઉપરોક્ત શેર સર્ટીફીકેટ ને જામીનગીરીમાં લઈને કોઈપણ પ્રકારનુ ધિરણ વેચાણ કે ટાઈટલ મોર્ગેજ કરીને લોન આપી હોય તે તથા કોઈનોય કોઈપણ પ્રકારનો લાગ ભાગ, હક્ક, હિત, હિસ્સો કે સબંધ હોયતો જરૂરી પુરાવાઓ સાથે દિન. સાત (૭) માં સોસાયટીની ઓફિસની નીચે જણાવેલ સરનામે લેખિત ખબર આપની. જો તેમ કરવામા કસુર થશે તો સદર સર્ટીફિકેટ સબંધમાં કોઈને કોઈપણ રહિત, હિત હિસ્સો કે સબંધ પોસાતા નથી અને પોસાતો હોય તો તે વર્ઝવ કરેલ છે. એમ સમય મુદત વતિથી ડુપ્લીકેટ શેર સર્ટીફિકેટ ઈસ્યુ કરવામાં આવશે અને ત્યારબાદ કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહિ તેની જાહેર જનતાએ નોંધ લેવી.

ચેરમેનશ્રી/ સેક્રેટરીશ્રી,
ધી સ્વસ્તિક કો. ઓપ.હા.સોસા.લિ. સ્વસ્તિક ક્લબ હોલ,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦૦૦૮

આખરે કેટલી પારદર્શી છે ઓનલાઈન ખરીદ-વેચાણ વ્યવસ્થા?

સમય ડિજિટલ યુગનો છે. લોકો યંત્રની માફક ગતિ કરતા દેખાય છે. હવેની જે યુવાપેઢી છે

તે ઓનલાઈન ચીજવસ્તુઓ ઘરે બેઠા મેળવે છે. મોલ, માર્કેટમાં શોપિંગ કરવા જવાની માથાકુટમાં યુવાનોને હવે પડવું નથી. અવનવી વેપ તૈયાર છે. ઓર્ડર કરો અને પાર્સલ તમારા ઘરે પહોંચી જાય છે, તમે મંગાવેલી ચીજ વસ્તુ ગુણવત્તાની દૃષ્ટિએ કેવી છે તે વિષય પણ ચર્ચાનો છે. મહેમાન ઘરે આવે કે, તરત ગૃહીણી કહેશેઃ ઓન લાઈન ચાર પાંચ શાક અને તંદુરી રોટીઓ મંગાવી લો. મહેમાનો તો સચવાશે ઘરના લોકો પણ સચવાઈ જશે. જે ખાદ્ય ચીજો ઓનલાઈન ઘરે પહોંચે છે તે

ઘરે બેઠા મંગાવેલી ચીજ વસ્તુઓ ગુણવત્તાનું ધોરણ સાચવે છે ખરી?

સ્વાસ્થ્ય માટે યોગ્ય છે ખરી? કોણ એની ચકાસણી કરે છે?

માણસ નિરંતર આળસું બની રહ્યો છે તેના પરિણામે શરૂ થયેલી ઓનલાઈન સર્વિસ અર્થવ્યવસ્થાની પાદર્શિતા સાચવે છે ખરી..? જે કંઈ મળે છે તે સસ્તુ છે કે, મોંઘુ? કોઈ ચકાસવા તૈયાર નથી હોતુ. ઘરે બેઠા ઓર્ડરથી મંગાવેલ વસ્તુઓ માટે ગ્રાહક બીજાઓ સમક્ષ પોતાનું ગૌરવ પણ પ્રગટ કરે છે, કહે છે કે, અમે તો ઘરે બેઠા ઓર્ડરથી આ બધી વસ્તુઓ મંગાવી લઈએ છીએ. તડકામાં કે ઠંડીમાં બહાર જવાની ઝંઝટ જ નહીં.

આજકાલ વર્તમાનમાં ઓનલાઈન વ્યવહાર અનુચિત લાભ ખાંટી રહ્યો છે. એક તરફ નિર્ભયતાની તરફ આગળ વધતો માણસ છે તો બીજી તરફ વધતી અપારદર્શી પ્રવૃત્તિઓ, જેનાથી આમઆદમી પુર્ણતઃ અનભિજ્ઞ છે. તે ઘરે બેઠા એવી માયાજાળમાં અટવાયો છે તે તેનાથી અજાણ છે. નિયમ કાનૂનના અભાવમાં વિભિન્ન ઓનલાઈન પ્લેટ ફોર્મ આધારિત વ્યવસ્થા વિભિન્ન સ્તારે અપારદર્શી વેપારમાં લિપ્ત છે. ગ્રાહકે જાગવું જરૂરી છે.

ઓમકારા એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ

OMKARA ASSETS RECONSTRUCTION Pvt. Ltd.

CIN:U67100TZ2014PTC020363 કોર્પોરેટ ઓફિસઃ કોહિનૂર સ્કવેર, ન.ચિ.કેળકર માર્ગ, રા.ગ.ગડકરી ચોક, દાદર (પશ્ચિમ) મુંબઈ- ૪૦૦૦૨૮
ઈમેઈલઃ rajesh.jumani@omkaraarc.com/ zuber.khan@omkaraarc.com
ટેલિઃ ૦૨૨-૬૯૨૩૧૧૧૧, ઑથોરાઈઝ્ડ ઓફિસર મો.નં. +૯૧૮૬૫૭૯૬૯૨૩૩/+૯૧૮૬૫૭૯૬૯૨૩૧

(એપેન્ડિક્સ-૪) ((જુઓ નિયમ ૮(૬) સાથે નિયમ ૯(૧) વંચાણે લેતા જોગવાઈ)
સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ-હરાજી માટે જાહેર નોટિસ
ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨(સરફેસી કાયદો)ને ધ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૬) ને નિયમમ ૯(૧) ની જોગવાઈઓ સાથે વંચાણે લેતાં હેઠળ સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટિસ.

આથી જાહેર જનતાને અને ખાસ તો નીચે જણાવેલ દેવાદાર અને જામીનદાર(રો)ને નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણન કરેલ સ્થાવર મિલકત સિક્યોર્ડ લેણદાર પાસે ગિરવે/ચાર્જમાં રાખવામાં આવેલ છે જેનો કબજો ઓમકારા એસેટ્સ રિકન્સ્ટ્રકશન પ્રા.લિ.ના અધિકૃત અધિકારીએ લીધો હતો. વધુમાં ઓમકારા એસેટ્સ રિકન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમિટેડ(ઓએઆરપીએલ)(ઓમકારા પીએસ ૦૬/૨૦૨૧-૨૨ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત છે)એ ૨૫-૦૬-૨૦૨૧ ના એસાઈનમેન્ટથી ઈન્ડસઈન્ડ બેંક લિ. (એસાઈનર બેંક)પાસેથી એસાઈનર બેંક પાસે રહેલ અન્ડરલાઈંગ સિક્યોરિટી સાથે નીચેના ખાતાઓમાં બાકી રહેલ દેવું સંપાદિત કર્યું છે. એ મુજબ ઓએઆરપીએલએ એસાઈનર બેંકના પેંગડામાં પગ મૂક્યો છે અને બાકી લેણું વસૂલવા અને સિક્યોરિટી જપ્ત કરવાની સત્તા ધરાવે છે. ઓએઆરપીએલના અધિકૃત અધિકારીએ નીચે જણાવેલ સિક્યોર્ડ મિલકતનો દેવાદાર /ગિરવેદાર/ સહ-દેવાદાર પાસેથી હસ્તાંતરિત કરાયેલ ફિઝિકલ કબજો લીધો છે. ઓએઆરપીએલના અધિકૃત અધિકારી અત્રે નીચે જણાવેલ સિક્યોર્ડ મિલકતોને બાકી દેણું વસૂલવા માટે વેચવા ઈચ્છે છે અને આથી સિક્યોર્ડ મિલકતો ખરીદવા માટે બંધ કવરમાં ટેન્ડર્સ /બીડ્સ મંગાવે છે. સિક્યોર્ડ અસ્ક્યામતોનું સરફેસી કાયદાના ૧૩ (૨) અને (૪) હેઠળના અધિકાર અને સત્તાની કવાયતથી, ‘ જેમ છે જ્યાં છે’, ‘જે છે તે છે’ અને ‘જે કાંઈ છે તે છે તથા કોઈના આશ્રય વિના’ના આધારે સંબંધિત દેણદાર અને સહદેણદાર(રો) પાસેથી ઓએઆરપીએલને સિક્યોર્ડ ક્રેડિટર તરીકે વસૂલ કરવાની ઓએઆરપીએલની સંબંધિત કોલમમાં જણાવેલ રકમ માટે વેચાણ કરવામાં આવશે.
દેવાદાર(રો) /જામીનદારો/ ગિરવેદારો, સિક્યોરિટીઝ, માલિક, બાકી રકમ, સેક્શન ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટિસ મોકલ્યાની તારીખ, કબજા તારીખ, રિઝર્વ કિંમત, બીડમાં વધારો કરવાની રકમ, અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી), નિરીક્ષણનાં તારીખ અને સમય વગેરે નીચે મુજબ છેઃ

ક્રમ	દેવાદાર(રો) /જામીનદારો/ ગિરવેદારોનાં નામ	સિક્યોર્ડ અસ્ક્યામતની વિગતો	મિલકતના માલિક	૦૩.૦૬.૨૦૨૪ મુજબ બાકી રકમ રૂ.	ડિમાન્ડ નોટિસની તારીખ	કબજાની તારીખ	રિઝર્વ કિંમત (રૂ. લાખમાં)	બીડમાં વધારો કરવાની રકમ	ઈએમડી	નિરીક્ષણનાં તારીખ અને સમય બપોર
૧	મે. લક્ષ્મી ટ્રર્સ એન્ડ ટ્રાવેલ્સ (દેવાદાર), શ્રી માલવ રસેશ પટેલ (સહ-દેવાદાર/ ગિરવેદાર), શ્રીમતી દીપ્તિ માલવ પટેલ (સહ-દેવાદાર) (ધિરાણ ખાતા નં.: GAS00589N, GAS00450N, GAS00588N)	મોજે ભાડજ, તાલુકો, અમદાવાદ પશ્ચિમ, જિ. અમદાવાદ ખાતે આવેલ બ્લોક નં.૨૫૮,૨૪૨/બી/એ, ૨૪૩/એ પૈકી, ૨૫૭, ૨૪૮,પૈકી, ૨૫૦/બી, ૨૪૭/બી/બી/૨, એફ.પી. નં. ૧